# કોરોનાનો ભય સતાવશે : સાબરકાંઠા-અરવલ્લીમાં આજથી બીજા નવા શૈક્ષણિક સત્રનો શુભારંભ

## ૨૧ દિવસથી સુમસામ શૈક્ષણિક સંકુલ ફરી ધમધમશે

બાયડ, તા. ૨૧

દિવાળીના તહેવારોમાં પ્રજા લાપરવાહ બન્યા પછી કોરોનાના કેસ નોંધાયા છે. ત્યારે કોરોનાના ભય વચ્ચે સાબરકાંઠા-અરવલ્લીના ૩૦૦૦ શૈક્ષણિક સંકુલોમાં આજે સોમવારથી બીજા નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. ૨૧ દિવસથી સુમસામ ભાસતા શૈક્ષણિક સંકુલો ધો. ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓની હાજરીની કોલાહોલથી ફરી ગુંજતા થશે.

રાજ્યમાં કોરોના સંક્રમણ કાબુમાં આવ્યું પરંતુ ફરી દિવાળી પર્વમાં લોક ટોળાના કારણે સંક્રમણ વધવાની દહેશત હતી તે હવે સાચી ઠરી છે. અરવલ્લી-સાબરકાંઠામાં કોરોના સંક્રમીત દર્દીઓની વિગતો સામે આવતાં આરોગ્યતંત્ર એલર્ટ મોડ ઉપર આવી ગયું છે.

ગત તા. ૧ નવેમ્બરથી શાળાઓમાં દિવાળી વેકેશનનો પ્રારંભ થયો. જ્યારે નેશનલ એચીવમેન્ટ સર્વેમાં મુકાયેલ જિલ્લાની ૩૮૭ શાળાઓમાં તા. ૧૦ થી ૧૨ નવેમ્બર શિક્ષણ કાર્ય શરૂ કરાતાં શિક્ષકોને દિવાળી વેકેશન ટુંકાવી શાળાઓમાં આવવાની ફરજ પડતાં નારાજગી જોવા મળી હતી. પરંતુ દેશવ્યાપી સર્વે હોવાથી શિક્ષકોએ તેમાં સહકાર આપ્યો અને સર્વેમાં સમાવાયેલી શાળાઓ ૩ દિવસ પછી ખુલવાની છે ત્યારે આજે તા. ૨૨ નવેમ્બરથી બીજા નવા શૈક્ષણિક સત્રના શુભારંભ સાથે જ જિલ્લાના ૧૪ તાલુકાના શૈક્ષણિક સંકુલો ફરી ધમધમતા થઈ જશે. પ્રથમ ૨-૪ દિવસ શાળાઓમાં પાંખી હાજરીની પણ દહેશત સેવાય છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં સવારે ભેજવાળા વાતાવરણથી બફારો

## શિયાળામાં ઠંડી ગાયબ જેવી સ્થિતિ, ફરી વાદળો જામ્યા

બાયડ, તા. ૨૧

સાબરકાંઠા-અરવલ્લીમાં રવિવાર સવારે વિચિત્ર ભેજવાળા વાતાવરણથી બફારો અનુભવાયો, શિયાળામાં ઠંડી ગાયબ જેવી સ્થિતિ જોવા મળી, ફરી વાદળો જામ્યા છે તેથી ફરીવાર કમોસમી માવઠું ખેડૂતોને પાયમાલ કરી શકે છે.

નવેમ્બરના અંતિમ પખવાડીયામાં ખેડૂતોની કુદરત દ્વારા અગ્નિ પરીક્ષા શરૂ થઈ છે. દિવાળીના કારણે ખરીફ તૈયાર પાક ખેતર તેમજ ઘરના આંગણામાં ખુલ્લો પડ્યો હતો ત્યારે એકાએક કમોસમી માવઠાના કારણે ખેડૂતોની ખેતપેદાશ ભીંજાઈ જતાં ખેડૂતોની પડતા ઉપર પાટુનો ઘા જેવી સ્થિતિ છે.

જિલ્લામાં વાતાવરણમાં આવેલા પલ્ટાવથી ખેડૂતોની પાયમાલી વધી છે જ્યારે શિયાળો જામવાની શરૂઆત થઈ ત્યાં વાતાવરણમાં બદલાવ આવતાં શિયાળુ વાવેતરને ગંભીર અસર પહોંચી શકે છે. જિલ્લામાં કમોસમી માવઠાનો માર બાગાયત ખેતીને મરણતોલ ફટકો આપશે જ્યારે રોગચાળો વકરવાની શરૂઆત થઈ છે.

### એજન્સી સામે માનવ સદોષ વધનો ગુનો નોંધો

# બાયડ-ધનસુરા-મોડાસાના મગરની પીઠ જેવા માર્ગમાં વધુ બે જીંદગી હોમાઈ

## નવા માર્ગ-મકાન મંત્રીનું પણ કંઈ ઉપજતુ નથી : પ્રજાએ સોશ્યલ મીડીયા મારફતે કરેલી ફરીયાદો કચરા પેટીમાં

બાયડ-ધનસુરા-મોડાસાના મગરની પીઠ જેવા માર્ગમાં સપ્તાહમાં વધુ ૨ જીંદગી હોમાઈ છે. ૧૦ થી વધુ લોકો વાહન પટકાઈ પડતાં ઈજાગ્રસ્ત બન્યા છે જેથી છેલ્લા ૧ વર્ષથી ભંગાર રોડનું સમારકામ ન કરતી દિલીપ બિલ્કોણ કંપની વિરૂદ્ધ માનવ સદોષ વધનો ગુનો નોંધી બાયડ-ડેમાઈના યુવાનોએ માંગ કરી છે નવા માર્ગ-મકાન મંત્રીનું પણ ખાઈબદેલી એજન્સી સાંભળતી ન હોવાની છબી ઉભરી છે. પ્રજાએ સોશ્યલ મીડીયા મારફતે માર્ગ-મકાન મંત્રીને કરેલી અધધ ફરીયાદો કચરા-ટોપલીમાં ફેંકવાનો ગણગણાટ શરૂ થયો છે.

રાજ્યમાં નવા મુખ્યમંત્રી-મંત્રીમંડળ આવતાં જ માર્ગ-મકાન મંત્રી પૂર્ણેશ મોદી દ્વારા ભંગાર રોડની ફોટા સાથેની તસ્વીર જણાવેલા વૉટ્સએપ નંબર ઉપર મોકલવાનો મેસેજ સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં મોડાસા-ધનસુરા-બાયડ-નડીયાદના મગરની પીઠ જેવા અને નવી એક્ટીવ મંત્રીનું પણ રાજકીય પીઠબળ ધરાવતી દિલીપ બિલ્કોણ એજન્સી સાંભળતી નથી



આત્મઘાતી રોડની ૫૦૦થી વધુ ફરીયાદો છે. સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવી હતી જેથી ટૂંક સમયમાં કામગીરી શરૂ થશે તેવી અપેક્ષા ખોટી ઠરી છે. ફરીયાદના દોઠ મહીના પછી પણ નવી સરકાર તેવી લોક ચર્ચાએ જોર પકડ્યું છે. ખરબચડા-અસમતોલ રોડના કારણે ગતરોજ બાયડ ડીપ પાસેના પુલ ઉપર વાહનની ટક્કરે બાઈક ઉપર જતાં ૨ જણ પટકાતાં એકનું મોત નિપજ્યુ હતુ.

# અરવલ્લીમાં બોલ બચ્ચનનું હવે કોઈ સાંભળતું નથી

## પ્રજા કરણી-કથની જાણી જતાં જોઈને દૂર ભાગે છે

બાયડ, તા. ૨૧

અરવલ્લીમાં બિચારા બોલ બચ્ચનનું હવે કોઈ સાંભળતુ નથી પ્રજા તેની કરણી-કથની જાણી જતાં જોઈને દૂર દૂર ભાગે છે. એતો ઠીક એને જોવાનું પણ ના પસંદ કરી રહ્યા છે.

સમય-સમય બળવાન છે. એક સમય હતો બોલ બચ્ચનનો... ધારે તે કરી શકે..!! પરંતુ ધીરે ધીરે મતી બદલાતી ગઈ... નિર્દોષ, અશક્ત, ભીડાયેલાઓને તેના મળતીયાઓના ઈશારે હેરાન કરવાનું શરૂ કર્યુ. સમય જતાં બોલ બચ્ચન વાહ વાહી કરનારાઓની ચુંગાલમાં ભરાયો... સાચું તો દેખાતું જ ન હતું... જેને અને તેને કેમ ફીટ કરી દેવો... તેની જ પડોજણમાં રહેતો... પરંતુ ધીરે ધીરે બધા બોલ બચ્ચનની મતી જાણી ગયા... હવે તે બોલ બચ્ચનનું કોઈ સાચુ પણ સાંભળતું નથી... ગરીબ...થી આપેલાની હાય ક્યારે શું અવદશા કરે...તે બોલ બચ્ચનનો ઉમદા દાખલો છે. બોલ બચ્ચનની ચુંગાલનો શિકાર બનેલા અનેક અસરગ્રસ્તો બોલી રહ્યા છે કે હજુ સમય પસાર થવા દો... બોલ બચ્ચનની કુદરત શું દશા કરશે... જો કે પીડીતોએ હવે બોલ બચ્ચનને બક્ષવો જોઈએ...કારણ કે તેને તેના કર્મોને આધીન છોડી દેવો જોઈએ... કહેવાય છે કે બોલ બચ્ચન શામળીયાના દર્શને ગયો ત્યારે કોઈકે કાનાફૂસીમાં કંઈક કહેતાં મોઢું વકાસી રવાના થઈ ગયો..!!

# અરવલ્લી જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક

## નાના અને ગરીબ ખેડૂતોને નુકશાન ન થાય તેનું ધ્યાન રાખવું : નરેન્દ્રકુમાર મીના

બાયડ તા.૨૧

અરવલ્લી જીલ્લાના જીલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા કલેક્ટર નરેન્દ્રકુમાર મીનાની



અધ્યક્ષતામાં જીલ્લા સંકલન-ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ.

જેમાં ભીલોડા ધારાસભ્યશ્રી દ્વારા બેઠકમાં ભિલોડા અને મેઘરજ તાલુકાના ૨૫૦ થી વધુ વસ્તી ધરાવતા ગામ ફળિયાઓને પાયાની સુવિધા તેમજ બારેમાસ પાકા રસ્તાઓ બનાવવા માટેની વિગતની માંગ કરાઈ, અરવલ્લી જીલ્લામાં દૂધ સંજીવની યોજનાની અમલવારી માટે કયા કાય તાલુકાઓમાં કઈ કઈ એજન્સીઓ છેલ્લા ૨ વર્ષમાં કામ કરે છે, નલ સે જલ યોજનામાં અરવલ્લી જીલ્લાના કયા તાલુકાઓના કયા કયા ગામોને ૧૦% લોકફાળા માટે મુક્તિ મળેલ છે, નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦-૨૧ તથા ૨૦૨૧-૨૨ માં પંચાયત હસ્તકના મંજુર થયેલા રસ્તાઓના કામ ચાલુ ન હોય તેની વિગત, ભિલોડા અને મેઘરજ તાલુકામાં ૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં આદિવાસી પરિવારોને દુધાળા પશુ આપવાની ન્યુ ગુજરાત પેટર્ન યોજના અને ડી સેગની યોજના હેઠળ દુધાળા પશુઓ આપવામાં આવ્યા તથા ભિલોડા અને મેઘરજ તાલુકામાં કેટલા વૃક્ષો રોપવામાં આવ્યા એવા પ્રશ્નો રજુ કર્યા હતા.

મોડાસા ધારાસભ્યશ્રી દ્વારા રહિયોલ ગોપાલ સ્નેક્સ યુનીટમાં બિન ખેતી કરાયેલી જમીન, ધનસુરા સ્મશાનથી માલપુર ચોકડી સુધીના ગટરલાઈન સાફ સફાઈ ઢાંકણા તૂટવાના પ્રશ્નોનો નિકાલ, ICDS યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકરોમાંથી મુખ્ય સેવિકાના પ્રમોશન અંગેની વિગતની માંગ કરાઈ, ફૂડ એન્ડ ડ્રગ્સ સેફ્ટી વિભાગ અંગે પ્રશ્નો કરાયા, મોડાસા તાલુકાનું ગારુડીના ગૌચરનો પ્રશ્ન તથા નાણાકીય છેલ્લા બે વર્ષમાં તોલમાપ જેવા પ્રશ્નો રજુ કર્યા હતા.

કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ કે, સંકલનના અમલીકરણ અધિકારીઓને અરવલ્લી જીલ્લાના ધારાસભ્યોના દરેક પ્રશ્નોનોનું ઝડપથી નિરાકરણ લાવવું, જે પણ વિભાગની કામગીરી બાકી હોયે તેમણે ઝડપથી કામગીરી પૂર્ણ કરવી. ગટર લાઈનોને ઝડપથી સાફ સફાઈ કરાવવી જેથી અકસ્માતો થતા અટકે, નાના અને ગરીબ ખેડૂતોને નુકશાન ન થાય તેનું ધ્યાન રાખવું. તેમજ દરેક કામોનું ઝડપથી નિરાકરણ લાવવા અનુરોધ કર્યો હતો.

# વર્લ્ડ હેરીટેજ સપ્તાહના દેખાડા શરૂ

## સાબરકાંઠા, અરવલ્લીમાં પુરાતત્વ વિભાગની ઉપેક્ષાથી આંસુ સારતાં પૌરાણિક સ્થળ



બાયડ તા.૨૧

દેશ અને વિશ્વમાં તા.૧૯ નવેમ્બર થી વર્લ્ડ હેરીટેજ સપ્તાહના દેખાડા શરૂ થઈ ગયા છે. વર્લ્ડ હેરીટેજ તરીકે સ્થાન પામે તેવા જિલ્લાના ડઝનથી વધુ પૌરાણિક સ્થળો ઉપેક્ષાના કારણે ખંડેર બની ગયા છે. કેટલાક પૌરાણિક સ્થળ તંત્રના ઉદાસીન વલણથી વાસના સંતોષવાનું સ્થળ બનીને રહી ગયા છે જે કડવી વાસ્તવિક્તા વહીવટી તંત્રએ સ્વીકારવી રહી. અભાપુરના જંગલમાં અનેક પૌરાણિક સ્થળો દિવસે..દિવસે નામશેષ થઈ રહ્યા છે છતાં તેની જાળવણી અને વિકાસ માટે દરકાર ન કરાતાં વિરાસત પ્રેમીઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

જિલ્લામાં ૨૫૦ થી વધુ વાવ જાળવણીના અભાવે ભૂતિયા નિવાસ જેવી બની રહેવા પામી છે. પૌરાણિક સ્થળોના વિકાસ અને જાળવણી પાછળ વિભાગ દ્વારા માત્ર કાગળ ઉપર કરોડોનો ખર્ચ દેખાડવામાં આવે છે પરંતુ વાસ્તવમાં એવી કોઈ કામગીરી જોવા મળી નથી.

આધુનિક યુગના ગમે તેટલા અજવાળા પથરાય પરંતુ વર્ષો અગાઉ બનેલા મંદિરો, પોળો, વાવના બેનમૂન સ્થાપત્ય કલાના નમૂના એક દંતકથા બની ગયા છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ધરતીમાં અનેક નગરીઓ સમાઈ ગયાની દંતકથાઓ વડલાઓના મુખે સાંભળવા મળતી હોય છે અને તેમાં તથ્ય હોય તેમ દેવનીમૉરી જેવા અનેક પ્રાચીન સ્થળો બાબતે સરકારે ગંભીરતા દાખવી બૌદ્ધ કોરીડોરની દીશામાં પહેલ કરી છે. જ્યારે અભાપુરના જંગલમાં આવેલી પોળો, પુરાણા શિવાલયો વગેરે પણ એક ઉત્તમ વિરાસત તરીકે જોવામાં આવી રહ્યા છે.

નવેમ્બર મહિનો શરૂ થવાનો હોય ત્યારે વર્લ્ડ હેરીટેજ સપ્તાહની ઉજવણીના દેખાડા શરૂ થઈ જાય છે અને પુરાતત્વ વિભાગ તથા સરકાર મોટી મોટી વાતો કરતી હોય છે પરંતુ એક સપ્તાહની ઉજવણી પૂરી થયા પછી આવતું વર્ષ આવે ત્યારે ફરીથી તેને યાદ કરવામાં આવે છે. બાયડ થી પોશીના સુધીના અંતરીયાળ વિસ્તારમાં ૩૦૦ થી વધુ પુરાતત્વ વાવ આવેલી છે જેમાં માંડ ૫૦ વાવની જાળવણી થતી હશે કે કેમ..?? તે મોટો સવાલ છે.

જિલ્લામાં પુરાતત્વ વિભાગ માત્ર નામનું હોય તેવી સ્થિતિ દાયકાઓથી જોવા મળી રહી છે. વર્તમાન શાસકો પૌરાણિક ધરોહરને સાચવવામાં અંગ્રેજો કરતાં પણ કાયર સાબિત થયા છે. વર્લ્ડ હેરીટેજની સાચી ઉજવણી કરવી હોય તો દર વર્ષે જિલ્લાના એકાદ-બે પૌરાણિક સ્થળોનો સર્વાંગી વિકાસ કરવામાં આવશે તો જ પૌરાણિક સ્થળોને બચાવી શકાશે. અન્યથા આવા પૌરાણિક સ્થળો માત્ર ઈતિહાસના પાનાનો એક લેખ બની જશે તે દિવસો દૂર નથી.

### ૨૦૦ થી વધુ પૌરાણિક સ્થળ ખંડેરમાં ફેરવાયાં : તંત્રના ઉદાસીન વલણથી પૌરાણિક સ્થળો વાસના સંતોષવાનું સ્થળ બની રહ્યા



### જિલ્લાની પૌરાણિક વાવ ઉપર નજર..

| પૌરાણિક વાવ | ઈ.સ. વર્ષ |
|---|---|
| આકરૂન્દ વાવ | ૧૪ થી ૧૫મી શતાબ્દી |
| અભાપુર વાવ | ૧૫ થી ૧૬મી શતાબ્દી |
| ખેડબ્રહ્મા વાવ | ૧૩મી શતાબ્દી |
| અમીઝરા વાવ | ૧૭ થી ૧૮મી શતાબ્દી |
| શામળાજી વાવ | ૧૩મી શતાબ્દી |
| ટીંટોઈ પ્રથમ વાવ | ૧૮મી શતાબ્દી |
| ટીંટોઈ બીજી વાવ | ૧૪ થી ૧૫મી શતાબ્દી |
| સાબલવાડ વાવ | ૧૪૬૫ ઈ.સ. |
| સવગઢ વાવ | ૧૫ થી ૧૬મી શતાબ્દી |
| નેત્રામલી વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| ઓઢા વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| ચોરીવાડ વાવ | ૧૫ થી ૧૬મી શતાબ્દી |
| સાઠંબા વાવ | ૧૦૯૪ ઈ.સ. |
| દેશોતર વાવ | ૧૩ થી ૧૪મી શતાબ્દી |
| ઉભરાણ વાવ | ૧૭મી શતાબ્દી |
| દરામલી વાવ | ૧૫મી શતાબ્દી |
| ઉજળેશ્વર વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| નાનીવાડોલ વાવ | ૧૫મી શતાબ્દી |
| માલાવાસ વાવ | ૧૩ થી ૧૪મી શતાબ્દી |
| માલોસા વાવ | ૧૮ થી ૧૯ મી શતાબ્દી |
| દાંત્રોલી વાવ | ૧૫ થી ૧૬મી શતાબ્દી |





| | |
|---|---|
| દીયોલી વાવ | ૧૪મી શતાબ્દી |
| દૂધેશ્વરી માતાની વાવ | ૯ થી ૧૦મી શતાબ્દી |
| ફૂલેશ્વર વાવ | ૮ થી ૯મી શતાબ્દી |
| ગંભીરપુરા વાવ | ૧૫મી શતાબ્દી |
| હાજીપુરા વાવ | ૧૫૨૧ ઈ.સ. |
| શીકાગામ વાવ | ૧૦મી શતાબ્દી |
| શીકા હાઈવે વાવ | ૧૯મી શતાબ્દી |
| હિંમતનગર પાર્ક વાવ | ૧૫મી શતાબ્દી |
| ઈલોલ વાવ | ૧૬ થી ૧૭મી શતાબ્દી |
| જૂમસર વાવ | ૧૫મી શતાબ્દી |
| કેશરપુરા વાવ | ૧૭ થી ૧૮મી શતાબ્દી |
| અમલાઈ વાવ | ૧૮મી શતાબ્દી |
| અંકોલામાતાની વાવ | ૧૧મી શતાબ્દી |
| કોઠીકંપારોડ વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| વસઈ વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| ભવાનગઢ વાવ | ૧૪૭૦ ઈ.સ. |
| ચતુરભૂજ વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| છાપી વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| કીશનગઢ વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| પ્રાંતિજ વાવ | ૧૫૦૮ ઈ.સ. |
| ઉમેદગઢ વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| પાનોલ વાવ | ૧૪મી શતાબ્દી |
| કુકડીયા વાવ | ૧૭ થી ૧૮મી શતાબ્દી |
| લાલપુર વાવ | ૧૫મી શતાબ્દી |
| માણેક ચોક વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| મણિયોર વાવ | ૧૭ થી ૧૮મી શતાબ્દી |
| માથાસૂર વાવ | ૧૭ થી ૧૮મી શતાબ્દી |
| મોડાસા વાવ | ૧૨ થી ૧૩મી શતાબ્દી |
| ઈડર બજાર વાવ | ૧૬મી શતાબ્દી |
| મુડેટી વાવ | ૧૫ થી ૧૬મી શતાબ્દી |
| મુડેટીવાવ બીજી | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| મુનાઈ વાવ | ૧૨ થી ૧૩મી શતાબ્દી |
| મુનપુર વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| પૃથ્વીપુરા વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| રામપુરાવીર બાવજી વાવ | ૧૪ થી ૧૫મી શતાબ્દી |
| સારંગપુર-બરવાપુરકંપા વાવ | ૧૭ થી ૧૮મી શતાબ્દી |
| સારંગપુર વાવ | ૧૪ થી ૧૫મી શતાબ્દી |
| શીતલામાતા વાવ | ૧૮ થી ૧૯મી શતાબ્દી |
| પાણપુર વાવ | ૧૪ થી ૧૫મી શતાબ્દી |
| લીંભોઈ વાવ | ૧૫૯૯ ઈ.સ. |